# -: રાજયોગ - બિન્દુ સિદ્ધ યોગ :-

બ્ર.કુ. પ્રોફ. પ્રફુલચંદ્ર શાહ (નડીઆદ)

શિવબાબાના બાળકો માટે અમૃતવેળાનો સમય એટલે મનન-ચિંતન-મંથનનો સમય, એક લગનથી બાબાની યાદમાં મગન થવાનો સમય, આવા એક અમૃતવેળાના સમયે યોગેશ્વર બાબાએ શિખવેલા રાજયોગની વિશાળતા, વૈવિધતા, સમ્પન્નતા વિશે તેમજ રાજયોગ કઈ રીતે સર્વોચ્ચ, સર્વાંગી, સંપૂર્ણ યોગ છે તે વિશે મનમાં ચિંતન ચાલતુ હતું. વાસ્તવમાં યોગવિધા એ ભારતીય સંસ્કૃતિ તેમજ દર્શનનું એક અભિન્ન અંગ છે. વેદ, ઉપનિષદ્ , ગીતા જેવા ધર્મશાસ્ત્રોમાં જ્ઞાનયોગ, ભકિતયોગ, કર્મયોગ, સન્યાસ યોગ, હઠયોગ જેવા અનેક પ્રકારના યોગ વર્ણવ્યા છે. આવા વિવિધ પ્રકારના યોગના અર્થ વિષે વિચારીશું તો ખ્યાલ આવશે કે, વર્તમાન સમયે સ્વયં ઈશ્વર જે રાજયોગ શિખવી રહયા છે તેના જ આ બધા વિવિધ અંગો છે.

**જ્ઞાનયોગ :** અર્થાત જ્ઞાન પર આધારિત યોગ, બાબાએ શિખવેલા રાજયોગનો મૂળભૂત પાયો જ ઈશ્વરીય જ્ઞાન છે. તો રાજયોગ એ જ્ઞાનયોગ થયો ને ? **કર્મયોગ** કર્મ કરતા કરતા કરવાનો યોગ અર્થાત્ યોગયુકત બની બધા કર્મો કરવાના. રાજયોગનો બીજો અર્થ એ છે જ કે ગૃહસ્થમાં રહી પોતાની પ્રવૃત્તિ તેમજ જવાબદારીઓને સંભાળીને કરવાનો યોગ, રાજયોગનું મુખ્ય લક્ષ્ય છે એક દૈવી ગૃહસ્થીની સ્થાપના. તેથી રાજયોગ તે કર્મ યોગ પણ કહેવાય ને ? તેવી જ રીતે જો તમે **ભક્તિયોગ, સંન્યાસ યોગ, હઠ (સંયમ નિયમ)યોગના** અર્થ પર વિચાર કરશો તો સ્પષ્ટ સમજાશે કે આ રાજયોગના જ અંગો છે.

આવું ચિંતન ચાલતુ હતું તે સમયે એક વિચાર સ્ફૂર્યો કે રાજયોગને બિંદુ સિધ્ધ યોગ પણ કહી શકાય.

આવો આપણે વિચારીએ કે રાજયોગ નીચેના પાંચ મુદ્દાના સદર્ભ માં કેવી રીતે બિંદુ સિદ્ધયોગ છે. (૧) બિંદુથી આવ્યાં છીએ (૨) બિંદુ પર આવ્યાં છીએ (૩) બિંદુ બનવાનું છે. (૪) બિંદુની યાદમાં સમાઈ જવાનું છે. (૫) ડ્રામાના દરેક દશ્ય અથવા પાર્ટના અંતે બિંદુ લગાવતા જવાનું છે.

## (૧) બિંદુથી આવ્યાં છીએ :-

શિવબાબા પરમધામનો સ્પષ્ટ પરિચય આપતા બાળકોને જણાવે છે કે, પાંચ તત્વની બનેલી સાકારી દુનિયાની પેલે પાર સ્વયં પ્રકાશિત છઠ્ઠા બ્રહ્મતત્વથી આચ્છાદિત નિરાકારી દુનિયા આપણું મૂળ વતન છે. આ મૂળ વતનમાં કશું જ સાકાર નથી તેમજ